<u>વર્ષ ૨૦૧૯-૨૦ નવી બાબત</u>

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હસ્તકની ડાંગ જિલ્લાની ૫ ઇ.એમ.આર.એસ. શાળાના હોસ્ટેલનું મકાન, ડાયનીંગ હોલ તેમજ અન્ય આનુષાંગિક કામ માટેરૂ. ૧૮૦૦.૦૦ લાખનીજોગવાઇ કરવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **EMRS-102018-1157-P**

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૧/૦૮/૨૦૧૯

**<u>વંચાણે લીધા</u> :-**

(૧)ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૦૩/૧૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૧૮/૨૦૮૨/૩૦૬૫.

(૨) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૧૫/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૧૮/૨૦૮૨/૪૦૬૬.

(૩) શિક્ષણ વિભાગનો તા. ૧૪/૦૬/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૪૨૦૧૨-૧૭૮૧૫૬-ક

**<u>પ્રસ્તાવના</u> :-**

ડાંગ જિલ્લા ખાતે આવેલ પાંચ આશ્રમ શાળાઓ (બારીપાડા, માલેગામ, ગારખડી, મહાલ, ચિંચલી) નો વહીવટ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટીને સોંપવા તેમજ આ શાળાઓને ઈ.એમ.આર.એસ. શાળાના પેટર્ન પર ચલાવવા વંચાણે લીધા ક્રમાંક (૩) થી મંજૂરી મળેલ.સદરહું શાળાઓના મકાન,ડાયનિંગ હોલ તેમજ અન્ય આનુષાંગિક કામ માટે કુલ રૂ.૧૦૧.૬૩ કરોડની રકમની મંજૂરી આપવામાં આવેલ તે પૈકી પ્રથમ તબકકામાં રૂ.૪૭.૩૭ કરોડનાં ફક્ત શાળાઓના મકાન બાંધકામ માટે મંજૂર થયેલ.

G:\EMRS-102018-1157-P.docx

આ શાળાઓમાં હોસ્ટેલનું મકાન, ડાયનિંગ હોલ તેમજ અન્ય આનુષાંગિક કામ માટે કુલરૂ.૧૮૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા અઢાર કરોડ પુરા)ની નવી બાબતને વર્ષ ૨૦૧૯-૨૦ માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર હસ્તકની ડાંગ જિલ્લાની પાંચ ઈ.એમ.આર.એસ. શાળાઓ (બારીપાડા, માલેગામ, ગારખડી, મહાલ, ચિંચલી) માટેહોસ્ટેલનું મકાન, ડાયનિંગ હોલ તેમજ અન્ય આનુષાંગિક કામ માટેની નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧૮૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા અઢાર કરોડ પુરા)ની જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા - અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં P.W.D.મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલવે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયત્રંણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરિટીની મંજુરી જરૂરી હોય તો તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેનાં ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામનાં ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગનાં તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલી ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર:૮૯ બીસીકે-૨૩૦ એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ શાળાઓહેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૮/૦૮/૨૦૧૯ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યોગેશ પટેલ)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.

G:\EMRS-102018-1157-P.docx